પોષડોડાનો જથ્થો પુરો પાડવાનું ક્રમશઃ ઘટાડવા તથા તા.૩૧/૦૩/૨૦૧૬ પછી તેનો ઉપયોગ સંપૂર્ણ પણે બંધ કરવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : અફણ/૧૦/૨૦૦૮/જી.ઓ.આઈ.-૨૬/ઈ-૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખ – ૦૫/૦૫/૨૦૧૫

વંચાણમાં લીધા : (૧) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ, નવી દિલ્હીનો તા.૦૭/૦૩/૨૦૧૨નો હુકમ ક્રમાંક F..No.616/01/2003- NC –I .

(૨) ગૃહ વિભાગની તા.૩૦/૦૭/૨૦૧૪ની અધિસુચના ક્રમાંક જીજી/૭૦/૨૦૧૪/એ.એફ.એન/૧૦૨૦૦૮/જીઓઆઈ-૨૬/ઈ-૧

(૩) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ, નવી દિલ્હીનો તા.૧૯/૦૨/૨૦૧૫નો હુકમ ક્રમાંક F..No.616/01/2003- NC –I .

## ઠરાવ

નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપીક્સ સબસ્ટેન્સીસ એક્ટ, ૧૯૮૫ હેઠળ પોષડોડાનો સમાવેશ કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા પોષડોડાને નારકોટીક્સ પદાર્થ ગણી તેનો ઉપયોગ સમગ્ર દેશમાં બંધ કરવા અવાર નવાર જણાવવામાં આવેલ છે. તદઅન્વયે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૬ પછી પોષડોડાના જથ્થાબંધ વેચાણ માટે નવા પોપી-૨ એએ, છુટક વેચાણ માટે પોપી -૨ અને ઉપયોગ માટે પોપી -૧ પરવાના નહીં આપવાનો નિર્ણય લીધેલ અને તે મુજબ વર્ષ ૨૦૦૬ પછી રાજ્ય સરકાર દ્વારા કોઇ નવા પરવાના આપવામાં આવેલ નથી. છેલ્લે આમુખ ક્રમાંક(૧)માં ઉલ્લેખિત ભારત સરકારના તા.૦૭/૦૩/૨૦૧૨ના હુકમથી પોષડોડાનો ઉપયોગ તા.૩૧/૦૩/૨૦૧૫ પછી દેશમાંથી સમગ્રપણે બંધ કરવા અને તે માટેનું આયોજન કરવા જણાવવામાં આવેલ.

૨. ભારત સરકારના ઉક્ત તા.૦૭/૦૩/૨૦૧૨ના હુકમની સુચનાઓને અનુલક્ષીને ગૃહ વિભાગની આમુખ - (૨) આગળની તા.૩૦/૭/૨૦૧૪ની અધિસુચનાથી સમગ્ર રાજ્યમાંથી તા.૩૧/૦૩/૨૦૧૫ પછી પોષડોડાનો ઉપયોગ બંધ કરવા અને તેનો જથ્થો ક્રમશઃ ઘટાડવા અંગેની જાણ કરી, તે બાબતમાં પરવાનેદારો પાસેથી વાંધા અરજીઓ મેળવેલ. આ બાબતમાં મળેલ વાંધા અરજીઓથી તેમાં જણાવેલ વિવિધ કારણોસર પોષડોડાનો ઉપયોગ તા.૩૧/૦૩/૨૦૧૫ પછી ચાલુ રાખવા માટે રજુઆત કરવામાં આવેલ.

3 દરમ્યાનમાં આ અગે ભારત સરકારને મળેલ રજૂઆતોને અનુલક્ષીને ઉપર આમુખ ક્રમાંક(૩) માં ઉલ્લેખિત ભારત સરકારના તા.૧૯/૦૨/૨૦૧૫ના હુકમથી પોષડોડાનો ઉપયોગ બંધ કરવા માટેની મુદત હવે તા.૩૧/૦૩/૨૦૧૫ બાદ વધુ એક વર્ષ માટે એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૬ સુધી લંબાવવામાં આવેલ છે. સાથોસાથ આ વધારેલ સમય દરમ્યાન રાજય સરકારોએ પોષડોડાના બંધાણીઓને તેના

વ્યસનમાંથી સંપૂર્ણ મુક્તિ અપાવવાના તમામ પ્રયત્નો કરવાના રહેશે. અને હવે આ અંગે કોઇ વધુ મુદતવધારો કરવામાં આવશે નહીં. તેમ પણ જણાવવામાં આવેલ છે.

૪. ભારત સરકારની ઉપરોક્ત સુચનાઓને ધ્યાને લઈ, આ અંગે ગુજરાત નશાબંધી ધારો.૧૯૪૯ ની કલમ -૧૩૯ મુજબ રાજ્ય સરકારને મળેલ સત્તા અન્વયે, પોષડોડાનો ઉપયોગ તા.૩૧/૦૩/૨૦૧૬ સુધી ચાલુ રાખવા અને દરમ્યાનમાં વપરાશકારોને પુરા પાડવાના પોષડોડાના જથ્થામાં નીચે મુજબ ક્રમશ: ઘટાડો કરી, રાજ્યમાંથી પોષડોડાનો ઉપયોગ તા.૦૧/૦૪/૨૦૧૬ થી સંપૂર્ણપણે બંધ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | પોષડોડાનો પુરો પાડવાનો જથ્થો |
|---|---|---|
| ૧. | તા.૦૧/૦૬/૨૦૧૫ થી | ૫૦૦ ગ્રામ |
| ૨ | તા.૦૧/૦૮/૨૦૧૫ થી | ૪૦૦ ગ્રામ |
| ૩ | તા.૦૧/૧૦/૨૦૧૫ થી | ૩૦૦ ગ્રામ |
| ૪ | તા.૦૧/૧૨/૨૦૧૫ થી | ૨૦૦ ગ્રામ |
| ૫ | તા.૦૧/૦૨/૨૦૧૬ થી | ૧૦૦ ગ્રામ |
| ૬ | તા.૦૧/૦૪/૨૦૧૬ થી | સંપૂર્ણ બંધ |

નિયામકશ્રી, નશાબંધી અને આબકારીએ આ સમયગાળા દરમ્યાન રાજ્યમાં પોષડોડાના વપરાશકારોને આ વ્યસનમાંથી મુક્ત કરાવવા વ્યસનમુક્તિ હોસ્પિટલમાં સારવાર આપવા સહિતની અન્ય તમામ યોગ્ય તથા જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની સરકારશ્રીની મળેલ અનુમતિને અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રવાના કરેલ છે.
૫/૫/૧૫

( ધીમંત એ પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
(૨) માન.રા.ક. મંત્રીશ્રી(ગૃહ),ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
(૩) સચિવશ્રી,વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(૫) સર્વે નશાબંધી અને આબકારી અધિક્ષકશ્રીઓ.
(૬) ના.સે. સિલેક્ટ ફાઈલ
(૭) સિલેક્ટ ફાઈલ